**–:: આંક–૦૧ નીચે હુકમ ::–**

આ કેસ પોલીસ તપાસના રીપોર્ટના આધારે માંડવામાં આવેલ સમન્સ ટ્રાયેબલ કેસ છે. આ કેસ બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા ધી. એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ નોંધાયેલ છે. આ કેસનો રેકર્ડ ધ્યાને લેતા આ કામે વખતો વખત સમન્સ/નોટીસ/વોરંટ વિગેરે પ્રોસેસ બજવણી કરવા પુરતી તક આપવામાં આવેલી હોવા છતાં પોલીસ મશીનરી બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને આરોપીને પોલીસ અદાલત સમક્ષ રજુ રાખી શકેલ નથી અને પોલીસ મશીનરી સદર આરોપીને રજુ કરી શકે તેમ નથી તેવુ સ્પષ્ટપણે કેસનુ રેકર્ડ જોતા જાણી શકાય છે. સદર કેસ ઘણો જુનો છે. આમ લાંબા સમયથી આ કેસ મૃતપ્રાય અવસ્થામા પેન્ડીંગ રહેલ છે તેમજ નજીકના ભવીષ્યમાં સદર કેસની ટ્રાયલ ચાલવા તરફી કોઈપણ જાતની પ્રગતિ થાય તેવું જણાઈ આવતું નથી.

ઉપરોકત હકીકતે સંદર્ભે પી.રામચંદ્ર રાવ વિરૂઘ્ધ કર્ણાટક રાજ્ય ૨૦૦૨(૨) જી.એલ.આર. પાન નં. ૧૫૪૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ ચુકાદાને ઘ્યાને લેવામાં આવે તો માનનીય સાત ન્યાયાધીશોની બેંચે ઠરાવેલ ક્રીમીનલ કોર્ટને કેસોની ઝડપી નિકાલ માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૯, ૩૧૧ તથા ૨૫૮માં કરવામાં આવેલ જોગવાઇઓને આધાર બનાવી જરૂરી હુકમ કરવો જોઈએ. આજ રીતે આપણી નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા. ૧૭/૧૦/૨૦૦૬માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા નીચલી અદાલતોને એવું સુચન આપવામાં આવેલ છે કે આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.ની કલમ ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આમ, કાયદાની ઉપરોકત પરિસ્થિતિના પ્રકાશમાં હાલના કેસના સંજોગો જોતા પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ છે જેથી હવે પોલીસ તંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતુ નથી. ઉપરોકત ચર્ચીત ચુકાદા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ સુચન ઘ્યાનમાં લેતા આક્ષેપિત ગુન્હો, સદર અંગે સજાની જોગવાઈ, ચર્ચા કર્યાનુ અનુસારના સંજોગોમાં, પરીબળો વગેરે ઘ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપી વિરૂઘ્ધની ઈન્સાફી કાર્યવાહી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૮૧ (સી.આર.પી.સી.ની કલમ–૨૫૮) અન્વયે સ્થગિત કરી કેસ નિકાલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) સમયમર્યાદાની જોગવાઈને અધિન રહી અધિકૃત ઓથોરીટી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૩૭ (જુની સી.આર.પી.સી. કલમ–૩૦૦(૫))મુજબ આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ તારીખ **ચૌદમી,** માહે: **માર્ચ**, સને **બે હજાર છવ્વીસ**નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલત અન્વયેની સ્પેશ્યિલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
મુંદરા–કચ્છ.

**(સુદીપ્તો પાલ)**
અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મુન્દ્રા–કચ્છ.
જજીસ કોડ: જીજે–૦૧૪૧૯